૯

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૦૪/૧૮-૧૯/ ૨૪૩૬ તારીખ: 26 JUN 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી વજુભાઈ ગોરધનભાઈ કસવાળા,
મુ.પો.કમીગઢ,
વાયા બગસરા(ભાયાણી)
૩૬૫ ૪૪૦.
મો.૭૫૬૭૬ ૨૯૯૧૯.

**કેસ નં.: ૦૪/૧૮-૧૯**

**વિષયઃ** **નવા ખેતીવાડી કનેકશનના બાબત.**

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૨૮-૦૩-૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૧૮-૧૯/૧૫૩૧ તા.૦૬/૦૪/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૧૮-૧૯/૨૫૦૦ તા.૧૫/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૬/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ. પી. સોલંકી )
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી-૨.**
*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, કુકાવાવ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૪/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી વજુભાઈ ગોરધનભાઈ કસવાળા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◆ **રજુઆતની તારીખ:– ૧૫/૦૬/૨૦૧૮** ◆

હાજર રહયા :– શ્રી વજુભાઈ ગોરધનભાઈ કસવાળા (વાદીશ્રી પોતે)

પ્રતિવાદી :– શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વજુભાઈ ગોરધનભાઈ કસવાળા, મુ.પો.કમીગઢ, વાયા: બગસરા ની નવા ખેતીવાડી કનેકશનના બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૪ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૦૪/ ૧૮–૧૯/ ૧૫૩૧ તા.૦૬/૦૪/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૫/૦૬/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વજુભાઈ ગોરધનભાઈ કસવાળા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું વજુભાઈ ગોરધનભાઈ કસવાળા, રે.કમીગઢ, તા.જી.અમરેલી એ વિજળી જોડાણ મેળવવા માટે જુલાઈ–૨૦૧૨ માં અરજી કરેલ.

૧.૨ તેમનું કોટેશન પણ મને મળી ગયેલ. પરંતુ આપ સાહેબને જણાવવાનું કે મારા પત્નિ ઘણા સમયથી બિમાર હોઈ તેની સારવારમાં પૈસા વપરાઈ ગયેલ હોઈ તથા આ કોટેશન ગમે ત્યારે ભરી શકાતુ હશે. હું અભણ વ્યકિત છું. જે કોટેશન અંગે મને કોઈ માહીતી ન હોઈ તેમજ આ અંગે કોઈને પણ પુછી શકાયુ ન હોઈ પણ મને જાણ મળતી માહીતી મુજબ આપ સાહેબની ભલામણ મને મળી કે તમે ફોરમમાં અરજી કરો તો તમને ફરી કોટેશન મળી શકે.

૧.૩ તો આપ સાહેબને વિનંતી કે ઉપરોકત હકીકત છે તે સત્ય છે તે જાણી મને ફરીથી કોટેશન આપવા આપ સાહેબને મારી નમ્ર અપીલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

કેસનં.૦૪/૧૮–૧૯

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદાર ધ્વારા નવુ ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે રૂા.૨૦૦/– તા.૪–૭–૨૦૧૨ ના રોજ કુંકાવાવ પેટા વિભાગીય કચેરી ખાતે ભરપાઈ કરી મુ.કમીગઢ સર્વે નં.૧૨૪/૧ ખાતે વજુભાઈ ગોરધનભાઈ કસવાલાના નામનુ નવુ ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ.

૨.૨ કુંકાવાવ પેટા વિભાગીય કચેરી ધ્વારા અંદાજપત્ર નં.૯૩૨૪ તા.૨૮–૦૮–૨૦૧૭ થી રૂા.૭૮૫૩/– નુ અંદાજપત્ર રજી.એ.ડી.થી આપવામાં આવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૭–૦૯–૨૦૧૭ હતી. આ સમય મર્યાદા દરમ્યાન અરજદાર ધ્વારા અંદાજપત્રના નાણા ભરપાઈ કરવામાં આવેલ નથી. તેમજ સદર અંદાજપત્રની મુદત વધારવા માટેની કોઈ લેખિત અરજી સમય મર્યાદામાં પણ અરજદાર ધ્વારા આપવામાં આવેલ નથી. ત્યારબાદ તા.૨૮–૩–૧૮ ના રોજ અરજદારન પત્નિ બિમાર હોવાથી સદર અંદાજપત્રના નાણાં સમયસર ભરી શકેલ ન હોય, અંદાજપત્ર ભરવાની મુદતમાં વધારો કરવા માટે લેખિત અરજી કરેલ.

૨.૩ આમ, અરજદારને આપવામાં આવેલ અંદાજપત્રના નાણાં તેઓએ સમય મર્યાદા દરમ્યાન ભરપાઈ કરેલ ન હોય, તેમજ મુદત વધારાની અરજી સમયસર કરેલ ન હોવાથી તેઓના વીજ જોડાણ માટે આગળની કાર્યવાહી થઈ શકેલ નથી જે આપ સાહેબની જાણ સારૂ.

☞ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર વજુભાઈ ગોરધનભાઈ કસવાળાએ ગામ કમીગઢમાં તા.૪–૭–૧૨ ના રોજ ખેતીવાડીનાં નવા વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદીએ વાદીને તા.૨૮–૦૮–૧૭ ના રોજ રજી.પોસ્ટ ધ્વારા અંદાજપત્ર પાઠવેલ, જે અંદાજપત્ર મળ્યાની રજી.એ.ડી.ની પહોંચ પ્રતિવાદીએ રજુ કરેલ છે. આમ, વાદીને અંદાજપત્ર મળી ગયેલ.

૩.૩ અંદાજપત્ર ભરપાઈ કરવાની સમય મર્યાદા તા.૨૭–૦૯–૧૭ સુધીની હતી જે વાદીએ ભરપાઈ કરેલ નહી.

૩.૪ વાદીએ અંદાજપત્રની સમયમર્યાદા વધારવા માટે પ્રતિવાદીની કચેરીમાં અરજી કરેલ નહી, જેથી વાદીની વીજ જોડાણની અરજી પ્રતિવાદી ધ્વારા રદબાતલ કરેલ છે.

૩.૫ અંદાજપત્ર ન ભરવા માટેના કારણમાં વાદીએ તેની પત્નીની બીમારી અંગેની સારવારનું કારણ બતાવેલ છે. આ જગ્યા માટે વાદીએ કોઈ આધાર પુરાવા આપેલ નથી.

**–:: હુકમ ::–**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, **"વાદીએ અંદાજપત્ર સમય મર્યાદામાં રજુ કરેલ ન હોઈ તેમજ સમય વધારવા માટે કોઈ અરજી કરેલ ન હોઈ વાદીની રજુઆત ગ્રાહય રાખવામાં આવતી નથી."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

તારીખ :–૧૫/૦૬/૨૦૧૮